## –:: ફોજદારી અપીલ નં. ૫૭/૨૦૨૬ ના કામે આંક–૧ લગત હુકમ ::–

૧. એપેલેન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે ઇ. પી. કોડની કલમ–૩૨૩ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા અને રૂા.૧,૦૦૦/– નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૧૭.૦૨.૨૦૨૬ ના રોજ કરેલ છે, જે હુકમથી નારાજ થઇને એપેલેન્ટ/આરોપી દ્વારા હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે. હવે સદરહુ અપીલના કામે પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થઇ ગયેલ હોવાથી પક્ષકારોએ આંક–૧૪ થી બી. એન. એસ. એસ. એકટની કલમ–૩૫૯(૫) અન્વયે સમાધાન રજૂ કરવાની પરવાનગી માંગતી અરજી આપતા, તે અરજી તળે બી. એન. એસ. એસ. એકટની કલમ–૩૫૯(૫) ની જોગવાઈઓને ધ્યાનમા રાખીને પક્ષકારોને સમાધાન રજૂ કરવા પરવાનગી આપવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે આંક–૧૫ થી બી. એન. એસ. એસ. એકટની કલમ–૩૫૯(૧) મુજબ સમાધાન પુરસીસ રજૂ કરેલ છે, જે પુરસીસ મુજબ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય, જેથી સમાધાન રેકર્ડ કરીને અપીલ ફેસલ કરવા વિનંતી કરેલ છે.

(૨) પક્ષકારો તરફે રજૂ થયેલ સમાધાન પુરસીસ તથા કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા, આ કામે આરોપી અને ફરીયાદી હાજર છે અને તેઓને આંક–૧૫ વાળી સમાધાન પુરશીસ વાંચી સંભળાવતા તેઓએ પોતે આ સમાધાન પરશીસમાં લખેલી હકીકત સાચી અને ખરી હોવાનું જણાવેલ છે. વળી, વધુમાં આ સમાધાન ફરીયાદીએ કોઈપણ જાતની દાબ–દબાણ, ધાક–ધમકી કે કોઈના વશમાં થયા વગર કે પ્રલોભનમાં આવ્યા વગર સ્વસ્થ ચિતે, પુરેપુરો વિચાર કર્યા પછી સમાધાન કરેલ છે તેવુ જણાવે છે. પક્ષકારો આ હકીકતો જણાવતા પક્ષકારોનું આ સમાધાન નામંજૂર કરવા માટે કોઈ કારણ નથી. જેથી પક્ષકારોનું આ સમાધાન મંજૂર કરી, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### –– :: હુકમ ::––

(૧) પક્ષકારોની આંક–૧૫ ની સમાધાન પુરસીસ આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) વેરાવળના વિ. એડી. જયુડી. મેજી. ફ. ક. શ્રીએ ફો. કે. નં.૮૫૪/૨૦૨૩ ના કામે તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીને કરેલ સજાનો હુકમ આથી રદ કરવામાં આવે છે અને આ કામના એપેલન્ટ/મુળ આરોપીને બી. એન. એસ. એસ. એકટની કલમ–૩૫૯ (૫) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ કોર્ટમાં ભરેલ દંડની રકમ પરત ચૂકવાનો હુકમ કરવામાં આવે છે.

• આ હુકમની એક નકસ સાથે વિ. ટ્રાયલ કોર્ટેનુ રેકર્ડ તાત્કાલીક મોકલી આપવુ.

આ હુકમ આજરોજ તા.૧૬મી,માહે–મે, સને–૨૦૨૬ ના રોજ કાયમી લોકઅદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૬.૦૫.૨૦૨૬
સ્થળ–વેરાવળ

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨